Chapter. 2

# પ્રકરણ - ૨

## પારસી કોમનું હિન્દમાં આગમન - નિવાસ
## અને
## ગુજરાતની સંસ્કૃતિમાં પ્રદાન

## પ્રકરણ - ૨

### પારસીઓનું આગમન - નિવાસ અને ગુજરાતની સંસ્કૃતિમાં પ્રદાન

પારસીઓનું મૂળ વતન ઈરાન હતુ એ સર્વવિદિત વાત છે. ઈરાનમાં તેમની મોટી મોટી શાહાનશાહતો હતી અને એ શાહાનશાહતોમાં અનેક પ્રતાપી સમ્રાટો થઇ ગયા. આ શાહાનશાહતોમા સાસાની શાહાનશાહત અંતિમ હતી અને યઝદેઝર્દ તેનો છેલ્લો સમ્રાટ હતો. જયારે યઝદેઝર્દ ગાદીએ આવ્યો ત્યારે તેના રાજય પર ખલીફા તરફથી આક્રમણની તૈયારીઓ થઇ રહી હતી: અને ખલીફા ઓમર જેવા ગાદી પર આવ્યા કે તરતજ તેમણે સાસાની શાહાનશાહત પર આક્રમણ કર્યું અને નહાવંદના રણક્ષેત્ર પર પારસીઓનો સંપૂર્ણ પરાજય થયો, અને જરથોસ્તી સામ્રાજય સમાપ્ત થયું. દસ વર્ષ રખડપટ્ટી કર્યા બાદ એ કમનસીબ રાજા યઝદેઝર્દનું ઇ.સ.૬૫૧ માં ખૂન થયું.૧ ઇ.સ.૬૪૧ નું વર્ષ પારસી તવારિખમાં મહત્વનુ ગણવામાં આવે છે. આ વર્ષમાં મળેલા પરાજયને કારણે પારસી પ્રજાના ઇતિહાસમાં નવો પલટો આવ્યો. આવી વિકટ પરિસ્થિતિમાં પારસી પ્રજા જે ધૈર્ય અને શ્રધ્ધાથી પોતાના પાક ધર્મને વળગી રહી તે પ્રશંસનીય છે. ઇરાન દેશ આરબોના હાથમાં આવતાં પારસી પ્રજા પર અત્યાચાર વધતાં ગયા. હજારોની સંખ્યામાં કત્લેઆમ ચલાવવામાં આવી. ધર્મસ્થળો અને ધર્મગ્રંથોનો નાશ કરવામાં આવ્યો. ધર્મભ્રષ્ટ કરવા માટે બળાત્કાર શરૂ કરવામાં આવ્યો. આ સંદર્ભમાં શ્રી નાણાભાઇ એમ.મામા તેમના
" From Iran to India : How and Why "
નામના લેખમાં આરબોએ ઇરાની પ્રજા પર કરેલા અત્યાચાર વિષે લખતાં કહે છે:

" The oppressions of the new comers, their savage bigotry and their almost in human treatment of the Iranians would make a, gruesome narrative. All attempts to guild melancholy aspect have field, weather this treatment was bearable of not, the factor is that it was born. And why ? For the love of their faith and their fair."2

ઈરાનીઓને માત્ર ધર્મભ્રષ્ટજ નહોતા કર્યા પરંતુ તેમને તેમના સાહિત્યથી પણ વંચિત કરી દીધા હતાં. પારસી ધર્મના સર્વ પુસ્તકો બાળીને ભસ્મ કરી દેવામાં આવ્યા હતાં. આ હકીકતને પાશ્ચાત્ય વિદ્વાનોનું પણ સમર્થન મળે છે. શ્રી જહોન પીગેટ લખે છે તેમ:

" The Mohomedans not only destroyed their temples, but slew the priest and burnt all the books upon which they could lay their hands, in which were preserved the science, history and religion of the conquered. It is owing to this latter circumstances that we know so little of ancient persian, history, literature and science."[3]

મીસ મુકાતી પીલા આ સંદર્ભમાં ચર્ચા કરતાં લખે છે :

તાહર બીજાએ પારસી સાહિત્યના સર્વનાશમાં મહત્વનો ભાગ ભજવ્યો. તેની જાણમાં પારસીઓનું એકાદ પુસ્તક આવતાં તેણે સર્વ પારસીઓને તેમના સાહિત્યના બધાજ પુસ્તકો આપી જવાનું ફરમાન છોડયું. જીવ બચાવવા પારસીઓએ પુસ્તકો રજૂ કર્યા અને તેને બાળી નાખવામાં આવ્યાં, એટલુંજ નહીં ઘણા પારસીઓએ પોતાના જાન પણ ગુમાવ્યાં. વર્ષો વર્ષ અત્યાચાર અને ઝનૂન ઘટવાને બદલે વધતાં ગયાં, તેથી પોતાના પ્યારા ધર્મના રક્ષણ કાજે જરથોસ્તીઓએ હિજરત કરી. ભ્રમણ કરતાં કરતા પારસીઓ ખોરાસાનના પહાડી પ્રદેશમાં આવી વસ્યાં. ખોરાસાનમા લગભગ સો વર્ષના નિવાસ બાદ તે સ્થળે પણ મુસલમાનોનો ઉપદ્રવ વધતાં ત્યાંથી દક્ષિણે ઇરાની અખાત પરના હોરમજ બંદરે વસ્યાં. પંદરેક વર્ષ બાદ ત્યાં પણ ભય જણાતાં તેમણે હિન્દુસ્તાન તરફ પ્રયાણ કર્યુ. 'કિસ્સે સંજાન'ના એક અહેવાલ મુજબ એક દસ્તુરે ભવિષ્યમાં એમને માટે આ ટાપુમાં ભારે દુઃખની આગાહી કરી એટલે તેમણે હોરમજ છોડયું. કાઠિયાવાડ તરફ આવેલા દીવ બંદરના ઓગણીસ વર્ષના નિવાસ દરમ્યાન ફિરંગીઓના ત્રાસને કારણે તેમણે પોતાના વહાણ ગુજરાત તરફ હાંકયા.[૪] રસ્તામાં આ મુસાફરોને ભારે દરિયાઇ તોફાન નડયું. બધા વહાણો ડૂબી જવાની અણી પર પહોચ્યાં હતાં, ત્યારે પારસીઓએ દીન બની પ્રભુની પ્રાર્થના કરી અને એવી માનતા માની કે જો તેઓ કોઇપણ મુકામે સલામત ઉતરીશું તો ત્યાં એક આતશ બહેરામની સ્થાપના કરીશું. સદ્ભાગ્યે તોફાન શમી ગયુ અને તેઓ સંજાણ મુકામે આવી પહોચ્યાં. તે સમયે સંજાણના રાજા જાદી રાણાએ દસ્તુર નર્યોસીંગ ધવલની વિનંતી સ્વીકારી અમુક ચોક્કસ શરત કરી તેને પોતાના રાજ્યમાં રહેવાની અનુમતિ આપી.

પારસીઓના આગમન વિષે સિલસિલાબંધ તવારિખ મળતી નથી માત્ર છુટી છવાઇ નોંધો મળે છે. આમ છતાં એક નાનકડું ફારસી કાવ્ય 'કિસ્સે સંજાન'ના આ વિષય પર કંઇક પ્રકાશ નાંખી શકે તેમ છે. આ કાવ્ય ઇ.સ.૧૫૯૯ માં નવસારીના એક મોબેદ બહમૂન કેકોબાદ હોરમઝદયાર સંજાનાના હાથે લખાયેલું છે. તેમાં પારસીઓ કેમ અને કયે માર્ગે સંજાન આવ્યા, વસ્યા અને કયા કયા બનાવો બન્યા તેની વિસ્તૃત ચર્ચા કરી છે. પરંતુ આપેલ કાળક્રમ બરાબર હોવા છતાં તેની મુશ્કેલી એ છે કે અમુક નક્કી કરેલ વર્ષનો ઉલ્લેખ તેમાં ન કર્યો હોવાના કારણે પારસીઓ હિંદમાં કઇ સાલમાં ઉતર્યા તેનો ચોક્કસ ખ્યાલ મળવો મુશ્કેલ છે.

બી.ડી.નાશીકવાળા, બી.એન.ભાઠેના અને કર્નલ એમ.એસ.ઇરાની જેવા કેટલાક પારસી વિદ્વાનો કિસ્સે સંજાણને ઐતિહાસિક ગ્રંથ માનવા તૈયાર નથી. કર્નલ ઇરાનીના મંતવ્ય પ્રમાણે પારસીઓ પુરાણા કાળથીજ હિંદમાં વસેલા હતાં; વળી જાદી રાજા જેવો કોઇ રાજા થયો હોય તે બાબતને ઇતિહાસનો ટેકો મળતો નથી.[૫] તેમ છતાં પ્રો.ફીરોઝ દાવર 'કિસ્સે સંજાન'ને બિલકુલઅનૈતિહાસિક માનવા તૈયાર નથી.'કિસ્સે સંજાન'ના લેખકને ઇતિહાસનું ઝાઝું જ્ઞાન નહોતું. એમ છતાં એ પુસ્તકમા બિલુકુલ ઇતિહાસ છેજ નહી એમ કહેવું ભૂલ ભરેલું છે. પારસીઓ અહીં આવ્યા તેનો ઇતિહાસ નોંધતું નથી, પણ તેને લગતી જે દંતકથા જળવાઇ રહી છે તેને નોંધે છે. દન્તકથાઓની અવગણના કરી તેમને હસી કાઢવી એમાં ડહાપણ નથી. જ્યાં ધુમાડો હોય ત્યાં અગ્નિ હોવો જોઇએ એમ માની શકાય અને જેંયાં કોમમાં એક અતિ દૃઢતાથી મૂળ ઘાલેલી પરંપરા ચાલી આવતી હોય, અને જેને બીજા સાધનો વડે સમર્થન મળી રહેતું હોય તેનું ઐતિહાસિક મૂલ્ય સ્વીકારવું જોઇએ.'[૬]

'કિસ્સે-સંજાણ'ની રચના જોતાં એક વાત સ્પષ્ટ થાય છે કે આ હકીકત લેખિત પુરાવાના આધારે લખાઇ નથી પરંતુ તેના રચયિતા બહેમને કબૂલ કર્યું છે તેમ મોબેદો અને જુના લોકોની કહેલી બીના ઉપરથી લખવામા આવી છે. હવે આ કિસ્સો ઉપરોક્ત રીતે લખાયો હોય તો તેને તવારીખનું રુપ આપી શકાય ખરું ? કોઇપણ વિદ્વાન આ વિધાનને પૂર્તિ નહીં આપે. માત્ર આપણે એટલુંજ કહી શકીએ કે આ કિસ્સો માત્ર કિસ્સોજ છે તવારીખ નહીં. વળી તવારિખ તરીકે ઓળખાવતાં પહેલાં તેના અનેક ઐતિહાસિક સત્યો સાથે તાળો મેળવવો પડે છે. 'કિસ્સે સંજાણ'ની હકીકતોને ઐતિહાસિક પુષ્ટિ ન મળતાં તે માત્ર એક 'કિસ્સો'જ બની અટકી જાય છે. 'તવારિખ'નથી બની શકતો !

છતાં એક હકીકત સ્પષ્ટ છે કે મોબેદ પૂર્વજોની કહેલી બીના પરથીજ હકીકતો લખી છે તે તદ્દન કપોલ કલ્પિત તો નથીજ. કિસ્સામાં ઐતિહાસિક સાતત્ય કેટલે અંશે જળવાયું એ પ્રશ્ન મહત્વનો હોવા છતાં પણ 'કિસ્સે-સંજાણ'નું 'કિસ્સા'તરીકેનું મહત્વ કોઇ નકારી શકે તેમ નથી. વિદ્વાનોના ઐતિહાસિક મંતવ્યો સ્વીકાર્યા બાદ પણ 'કિસ્સે-સંજાણ'નુ પારસી સાહિત્યના પ્રથમ મૌલિક પુસ્તક તરીકેનું પ્રદાન નાનુંસુનુ નહી ગણાય. પારસીઓનુ ભારતમાં આગમન થવુ એ બનાવ મહત્વનો ગણાય છે, પરંતુ તેમના આગમન વિષેની નક્કર માહિતી દર્શાવે તેવો એકે ય ગ્રંથ ઉપલબ્ધ નથી. આજ સુધીના દરેક પારસી ઇતિહાસ મુસ્લીમ અને અંગ્રેજી લેખકોના ગ્રંથોને આધારે લખાયેલા હોવાથી તેમાં ઐતિહાસિક સાતત્ય જળવાયેલું જોવા મળતું નથી.

આધુનિક યુગમાં પારસીઓના હિંદના આગમન વિશેની ઘટના'કિસ્સા સંજાણ'માં બહમન કેકોબાદે વર્ણવી છે પણ તેમા નિશ્ચિત વર્ષનો ઉલ્લેખ કરવામા નથી આવ્યો. છતાં તેના કહેવા મુજબ યઝદેઝર્દના પરાજય પછી જરથોસ્તીઓ વેરવિખેર હાલતમાં કેટલાક વર્ષ સુધી જ્યાં ત્યાં ફરતાં હતાં. આ સમયને કેટલાક ૫૦ વર્ષનો ગણે છે, ત્યારબાદ કોહિસ્તાન નિવાસના ૧૦૦ વર્ષ, હોરમઝના નિવાસના ૧૫ વર્ષ અને દીવ બંદરના ૧૯ વર્ષ પરથી ૧૮૪ વર્ષ ગણી પારસીઓનો સંજાણના આગમનની તવારીખ નક્કી કરે છે. આમ પારસીઓનું આગમન સંવત ૭૭૨ ના શ્રાવણ સુદી ૯, શુક્રવાર, રોજ ૨, માહે ૪, સને ૮૫ ઇયજદજરદી એવેદ ને શ્રી જાદી રાણાના વખતમાં આવેલા'.૭ આ નોંધ પ્રમાણે માત્ર સંવત અને પારસી સનનો જ મેળ બેસે છે પણ વાર, તિથિ રોજનો મેળ બેસતો નથી. આ અનુસંધાનમાં પ્રો.હોડીવાલાએ મુંબઇની 'રોયલ એશિયેટિક સોસાયટી' સમક્ષ કરેલા ભાષણમાં આ નોંધ અંગેની ચર્ચા કરતાં જણાવેલું કે ૭૭૨ નો આંકડો વાસ્તવમાં ૯૯૨ વંચાવો જોઇએ અને તેના સમર્થન માટે પ્રાચીન કાળમા નવકો સાતકો જેવો લખાતો હતો, તેના અનેક ઉદાહરણો રજૂ કર્યા. આ તિથિ સ્વીકારવાથી વાર, તિથિ, માસ તેમજ રોજ-માહ બધા બરોબર બંધ બેસતા આવે છે.

આ ઉપરાંત પ્રો.હોડીવાળાનું સંવત ૯૯૨ નું વર્ષ સ્વીકારવામાં આવે તો તે સમયે જાદી રાણાનો અમલ હતો તે સ્વીકારવામાં કશી મુશ્કેલી આવતી નથી. આ જાદી રાણા વિષે પ્રો.હોડીવાળાએ મહત્વનું સંશોધન કર્યું છે. તેમના સંશોધન પ્રમાણે સંવત ૯૯૨ ના અરસામા ઉત્તર કોકણમાં શિલાહાર વંશની હકુમત ચાલતી એ વંશનો પાંચમો રાજા ઝંઝા

નામે હતો. ઇ.સ.૯૧૬માં જાણીતો આરબ મુસાફર તથા લેખક મસઉદી અત્રે આવ્યો ત્યારે કોકણમાં રાજા ઝંઝાનો અમલ હતો.તેના શાસન બાદ તેનો ભાઇ સુંદર ગોગ્ગી આવ્યો. સુંદર ગોગ્ગીને એક પુત્રહતો. વજ્જદ-દેવ. એ પોતાના પરાક્રમો અને સદચારિત્ર્યને કારણે વિખ્યાત હતો. વજ્જદ દેવના રાજ્યાભિષેકનું ચોક્કસ વર્ષ કહી શકાતું નથી: પણ સં.૯૯૨મા તે રાજ્ય કરતો હતો તે નિશ્ચીત છે: આ 'વજ્જદ-દેવ'માંથી અપભ્રંશ રુપાંતર 'જદ્દેવ'થયું. આ રુપાંતરનો 'દેવ'શબ્દ પારસીઓ અપનાવી શકે તેમ નહોતો. કારણ કે દેવ શબ્દ પારસીઓમાં 'રાક્ષસ'માટે વપરાય છે જેના કારણે તેઓ 'દેવ'શબ્દનો પ્રયોગ કરી ન શકે. પરિણામે પ્રથમ દસ્તુર નર્યો ધવલ સંજાણના રાજાને મળ્યો હશે ત્યારે તે તેને 'દેવ' શબ્દ કહી ન સંબોધે તે સ્પષ્ટ છે. તેથી તેણે 'દેવ'ને બદલે 'રાણા' શબ્દ મૂકીને 'જદ્દેવ'નું 'જાદી રાણા' એમ રુપાંતર કર્યું એમ ઘટાવી શકાય.

આ ભલા જાદી રાણા પાસે પારસીઓના પ્રતિનિધિ તરીકે દસ્તુર નર્યો ધવલસંગ અને બીજા બે-ચાર મોબેદો ગયા પોતાના પર પડેલી આપત્તિનું વર્ણન કરી પોતાને નિવાસ આપવા વિનંતી કરી. પરદેશીઓ પર આવી પડેલી વિપત્તિઓ સાંભળી જાદી રાણાએ અમુક શરત કરી તેમને પોતાના રાજ્યમાં આશ્રય આપ્યો. આ શરતોમાંની મુખ્યત્વે :

૧) પારસીઓએ પોતાની પાસે હથીયાર રાખવા નહીં.

૨) પોતાના દેશની માતૃભાષા અપનાવવી.

૩) પારસી સ્ત્રીઓએ દેશી સ્ત્રીઓ જેવો પોષાક પહેરવો.

૪) લગ્ન વિધિ સંધ્યા સમયે કરવી.

જાદી રાણાએ કરેલી ઉપરોકત શરતો પારસીઓએ અપનાવી અને હિન્દુસ્તાનના મિત્ર બની રહેવાનું તેમણે વચન આપ્યું. અન્તે પારસીઓ સંજાણમા સ્થિર થયા. સંજાણમાં ઘણાં વર્ષોના વસવાટ બાદ મુસ્લીમ આક્રમણ થતાં સંજાણના રાજાને મદદ કરી છતાં સંજાણના રાજાની હાર થઇ. પરિણામે પારસીઓ નવસારી, સુરત, વરિયાવ, અંકલેશ્વર વગેરે સ્થળોએ વહેંચાઇ ગયા. ઇ.સ.૧૫મી સદીમા તેઓ સુરત વસ્યા હોવાનું માનવામાં આવે છે. અંગ્રેજોના મુંબઇના રાજ્ય અમલ દરમ્યાન તેઓએ મુંબઇમાં વસવાટ કર્યો.

સંજાણમા ઉતરેલા પારસીઓ આર્યપ્રજા સાથે સંપૂર્ણપણે કેમ ભળી ન ગયા ? અને તેમનું સ્વતંત્ર અસ્તિત્વ કેમ ટકાવી શકયા ? આના અનુસંધાનમાં ડો.તારાપોરવાળા કહે છે '' .... અગર પારસીઓ દીવ બંદરેથી પાછા દરિયા માર્ગે સંજાણ આવવાને બદલે કાઠિયાવાડના રણ ઓળંગી પાટણ અથવા ગુજરાતી હિંદુ સંસ્કૃતિના કોઇ મોટા કેન્દ્ર સ્થાને

ગયા હોત તો જરુર જેમ બીજાં ઇરાનીઓ ભળી ગયા તેમ પારસીઓ પણ હિંદુ પ્રજાના અંગ બની ગયા હોત. પરંતું ઇશ્વરેચ્છા જૂદીજ હતી તેને અનુસાર હિન્દુ સંસ્કૃતિથી ભરપૂર મોટા નગરોમાં ન જતાં પારસીઓ સંજાન જેવા નાના ગામડામાં આવી વસ્યા ત્યાંનીજ વસ્તી મુખ્યત્વે દુબળા, કોળી ઇત્યાદિ વર્ણોની હતી. તેઓ અલબત્ત ઇરાનના સંસ્કૃતિ સંપન્ન પારસીઓ સાથે સરખાવતાં જંગલી તથા અસંસ્કારી ગણાય તેથીજ પારસીઓ પોતાનું પારસીપણું જાળવી શકયા. જયારે બે ત્રણ સૈકા પછી ગુજરાતના મોટા શહેરો સુરત, નવસારી, ભરુચ સુધી પહોચ્યા, ત્યારે ગુજરાતમાં ઇસ્લામી અમલનો આરંભ થઇ ચૂકયો હતો. ત્યારબાદ ભળી જવું અશકય હતું."[૯]

પારસીઓનું આગમન એક પરદેશી પ્રજા તરીકે વિશિષ્ટ આગમન હતુ. હિન્દુસ્તાનમાં આવેલી કેટલીય પરદેશી પ્રજાઓમાં જે દુર્લક્ષણો જોવા મળે છે તે પારસીઓમાં જોવા નથી મળતાં. પારસીઓનું હિન્દમાં જે આગમન થયું તેમાં ન તો હિન્દુસ્તાન લૂંટવાની તેમની મહેચ્છા હતી કે ન તો પોતાના ધર્મનો પ્રચાર કરવાની ઝનુની ઝંખના હતી. માત્ર પોતાનું જીવન અને સંસ્કૃતિની રક્ષા કાજે તે પ્રજા ભારતમા આવી અને ભારતીય બનીને રહી તે નિઃશંક છે.

## બે પંથ

હિન્દુસ્તાનમા આવેલા પારસીઓના બે પંથ પડી ગયા છે. (૧) કદમી (૨) શહેનાશાઇ. આ બે પથો હોવા છતાંય હિન્દુ ધર્મની જુદી જુદી જાતિઓ જેવો તફાવત પણ આ બે પંથ વચ્ચે દેખાતો નથી. બન્ને પંથમાં માન્યતાઓ ક્રિયાકાંડો સરખાજ છે. ઇરાનના છેલ્લા રાજા યઝદેઝર્દના સમયની ગણત્રીમાં મતભેદ ઉભા થવાને કારણે આ બે મતભેદ પડયાં. ઇરાનમાં આવા કોઇ પંથ નથી. કદમીઓ પોતાનું વર્ષ શહેનશાઇ કરતાં એક માસ આગળ ગણે છે. એમના તહેવારો અને વહેવારોમાં પણ એ રીતે ફરક પડે છે. આ બંને પંથ વચ્ચેના મતભેદ 'કબીસા કલહ' તરીકે ઓળખાય છે. આ મતભેદોઓ પાછળથી એવું ઉગ્ર રુપ પકડયું કે જેને કારણે કન્યાની લેવડ દેવડ પણ બંધ થઇ ગઇ. આવી પરિસ્થિતિ સરજાતા કેટલાક સમજુ પારસીઓને પોતાની નાનકડી કોમની આ બદીને કારણે વિનાશના ચિહ્નો વર્તાયા. પરિણામે બન્ને કોમોને એકત્રિત કરવા પ્રયત્નો કર્યા. પરિણામે તેમના વ્યવહારો પુર્વવત્ સ્થાપિત થયાં. આજે કદમી કરતાં શહેનશાઇ પંથ માનનારા વધુ છે.

## રીત - રિવાજો

પારસીઓમા પ્રવર્તતા રીત રિવાજો જોતા પારસી બાળક સાત વર્ષનું થાય એટલે એને સદરો અને કસ્તી ધારણ કરવા પડે છે, એ આપણી બ્રાહ્મણ કોમમા થતા ઉપનયન સંસ્કારને મળતો આવે છે. સદરાની આ ધાર્મિક ક્રિયા પાછળ કેટલાક ધર્મનિષ્ઠ પારસીઓ માને છે કે આ સદરાથી શેતાન સામે લડવાની શકિત પ્રાપ્ત થાય છે. જ્યારે કસ્તીમા તેઓ ગંગાની પ્રવિત્રતા જુએ છે. પોષાકની બાબતમાં જોઇશું તો તેઓ ગુજરાતને અનુસરે છે. સ્ત્રીઓમાં પ્રવર્તતો માથે ઓઢવાનો રિવાજ, પુરુષોમાં માથું ઢાંકવાનો રિવાજ ઇરાનથી ચાલતો આવે છે. આધુનિક કાળમાં આવતા યુગ પરિવર્તનને લીધે આજે આ રિવાજ નષ્ટપ્રાય થઇ રહયો છે, અને પહેરવેશમા પશ્ચિમની ઢબ મોટા પ્રમાણમાં દાખલ થઇ ગઇ.

પારસીઓ ગુજરાતમાં વસ્યા, ગુજરાતી ભાષાને-ગુજરાતની રીત રસમોને અપનાવી, પારસી પ્રજા અનુકરણમાં શ્રેષ્ઠ છે. પ્રો.ફિરોઝ દાવર નોંધે છે કે 'ઇરાનીઓની એક ખાસ વિશિષ્ટતા તેમની ગ્રહણ કરવાની શકિતમા સમાયેલી છે. જે સિદ્ધાંતો ઇરાનીઓ ગ્રહણ કરે છે તે તેઓ પચાવવાની તાકત ધરાવે છે, અને પોતાની સંસ્કૃતિ સાથે તેનું એકીકરણ કરે છે.'[૧] આ ઉપરાંત આ પ્રજા મળતાવડી, રમૂજી અને મજાક-મશ્કરીમાં આ કોમ ખૂબજ જાણીતી કહી શકાય. આના કારણેજ બહેરિયા, પાતળા, પોચા, દાંતરા વગેરે અટકોખોડ ખાંપણ ઉપરથી પડેલી. આ ઉપરાંત બગલી, ચીની-મીની, વાછાબાઉ, બુમલાચોર જેવી અટકો મશ્કરીમાં પડેલી.'[૧૦]

આ કોમમાં પુરુષો એક પત્ની વ્રતમાં માનનારા છે. સ્ત્રીને વિધવા થયા પછી લગ્નની છૂટ આપવામા આવે છે, પણ સામાજિક સન્માન પ્રાપ્ત થતું નથી. યુગ પરિવર્તનને કારણે આજે એક પત્નીવ્રતનો ભંગ અને છૂટાછેડાના પ્રસંગો વધુ પ્રમાણમા જોવા મળે છે. આ પ્રમાણેની પરિસ્થિતિ સરજાતા ઇ.સ.૧૭૭૮ના જુન માસમાં મુંબઇની પારસી પંચાયતે મુંબઇના ગવર્નર વિલિયમ હોર્નબીને પારસી પંચાયતના આ કાયદાનો ભંગ કરનારને થોડાં ખાસડાં મારવાની સત્તા આપવાની વિનંતી કરી. ગર્વનરે તે માન્ય કરી અને કેટલીક વ્યકિતઓ પર આનો પ્રયોગ પણ થયો![૧૧]

અન્તે એટલું તો બધા સ્વીકારશે કે પારસીઓનું ભારતમાં આગમન અને વસવાટ એ ઉભય પક્ષે લાભદાયી સાબિત થયા છે. તેઓએ પાશ્ચાત્ય પ્રજાના આગમન પહેલાં હિંદુ અને

મુસલમાન રાજાઓના અમલ દરમ્યાન દરબારમાં ઉચ્ચ ઓધ્ધાઓ ભોગવી રાજા તેમજ પ્રજામા પ્રિય થઇ પડયાં. વળી પાશ્ચાત્ય પ્રજાના સંસર્ગથી તેમની સાહસપ્રિયતાને ઉત્તેજન મળ્યું અને તેઓએ આ સાહસિક અને નીતિવાન પ્રજામાંથી કેટલાકને પોતાના પ્રતિનિધિઓ અને એલચીઓ બનાવ્યા. પારસીઓએ જે જે ક્ષેત્રમાં ઝૂકાવ્યું ત્યાં ત્યાં તેમણે મહાન સિધ્ધિઓ પ્રાપ્ત કરી છે. પારસીઓમાં રહેલી વ્યવહાર કુશળતા, એકવચનીપણું, ગાંભીર્ય અને સાહસિકતાના કારણે આજે ભારતમાં આવીને તેમણે જે પ્રગતિ કરી છે તે જોતાં તેમની શકિતનો ખ્યાલ સૌને સમજાય તેવો છે.

ગુજરાતે વિવિધ જાતિઓને આશ્રય આપ્યો હોવાને કારણે તેની સંસ્કૃતિ મૂળરુપે ભારતીય હોવા છતાં એમાં કૈંક વિશેષતા છે. ગુજરાતી સમાજનુ ઘડતર અનેક પ્રજાઓના મિશ્રણને પરિણામે થયેલ હોવાથી તેમા ઘણી બધી વિવિધતા દેખાય છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર આ ચાર વર્ણો અને તેની પેટા જાતિઓ ઉપરાંત નારુ-કારુ કહેવાતી જાતિઓમાં તેમની જાતિગત કહેવાતી જોવા મળે છે. પારસીઓ પરદેશીઓ હોવા છતાં ગુજરાતી સમાજનોજ એક ભાગ બની જેમ દૂધમાં સાકર ભળે તેમ તેઓ ગુજરાતમા ભળી ગયા. માત્ર એટલુંજ નહી પરંતુ ગુજરાતના ઉત્કર્ષ માટે સતત ક્રિયાશીલ રહી અનેકવિધ ક્ષેત્રોમાં તેમણે મહત્વનો ફાળો આપેલો છે. આ બાબતમાં તેમની નૈસર્ગિક જીવન પધ્ધતિ અને તેમની વિશિષ્ટતાઓએ મહત્વપૂર્ણ કામગીરી બજાવી છે.

પારસીઓના વિશિષ્ટ ગુણોમાં તેઓ સ્વભાવે મિલનસાર હોવાથી તેઓ નાની જનસંખ્યામાં હોવા છતાં સિધ્ધિના શિખિરો સર કરી શકયા છે. આને કારણેજ તેઓએ ગુજરાતને માતૃભૂમિ તરીકે સ્વીકારી અને ગુજરાતી પ્રજાનું એક મહત્વનું અંગ બની ગયાં. હિંદમા આવ્યા બાદ પારસીઓ પોતાના અનેક આકર્ષક ગુણોને કારણે લોકપ્રિય થઇ પડયાં. કોઇપણ અભ્યાસી એટલું તો સ્પષ્ટ જોઇ શકશે કે આ કોમને માથે ઉતરેલી આપત્તિઓના સમય દરમ્યાન તેમણે જે ખંત, ઉદ્યોગ, સ્વમાનની ભાવના, આશાવાદ ઉત્સાહની ભાવના, મુશ્કેલી સહન કરવાની શકિત અને આગળને આગળ વધવાનો જુસ્સો ટકાવવાની શકિતના કારણે તેઓ હિંદના સ્વદેશીય જીવનમાં પહેલ કરવામાં સફળ બન્યા. કાલાનુંસાર પારસીઓ ધીમે ધીમે ગુજરાતના બીજા પ્રાન્તોમા પથરાવા લાગ્યાં. આમાં નવસારી, ભૂરુચ, સુરત, અંકલેશ્વર, ખંભાત તેમના મુખ્ય કેન્દ્રો બન્યાં. ગુજરાતની ફળદ્રુપ ભૂમિમાં ખેતીવાડી કરી પોતાનું ગુજરાત ચલાવવા લાગ્યાં. સાહસ, સખાવત, સાચવટ, ધાર્મિક એકય, નીતિમત્તા, મિલનસાર સ્વભાવ વગેરે ખાસ ગુણોથી પારસીઓ ગુજરાતમાં વસતી અન્ય કોમોમા ખૂબજ સ્વાભાવિક

રીતે ભળી ગયા. આ ઉપરાંત પોતાનું શુધ્ધ પારસીપણું મહદંશે ટકાવી રાખવામાં તેઓ સફળ થયા તેનું મહત્વ નાનું સુનું ન કહેવાય. સામાજિક જીવન ઉપરાંત તેમના વ્યાપારી અને જાહેર જીવનની કારકિર્દી પણ ઉજ્જવળ છે. પાશ્ચાત્ય પ્રજાના આગમન પહેલા તેઓએ પોતાના ઉચ્ચ ગુણોને કારણે હિન્દુ-મુસ્લીમ રાજાઓના દરબારમાં રાજદ્વારી હોદ્દા મેળવ્યા હતાં પરંતુ બ્રિટિશોના હિન્દમાં આગમનની સાથે તેમની ઉન્નતિમાં અજબ વધારો થઇ ગયો! પાશ્ચાત્ય પ્રજા તેમની સાહસપ્રિયતા-વફાદારી અને દૂરંદેશીપણાથી આકર્ષિત થઇ.પારસીઓને પોતાના આડતિયાઓ-મારફતિયાઓ બનાવ્યા. આમ ઉત્તેજન મળવાથી તેઓ દેશપરદેશ વેપાર કરવા લલચાયા. અંતે પારસીઓ મુંબઇ વસ્યા ત્યારે તેમના વ્યક્તિત્વના સર્વ પાસા પ્રકાશમાં આવ્યા અને તેમના વિકાસના માર્ગો વધુ મોકળાં થયાં. પારસીઓના મુંબઇના નિવાસ દરમ્યાન તેમની પ્રવૃત્તિઓએ નવું સ્વરુપ પ્રાપ્ત કર્યું. પારસી તવારિખમાં ગામડાં ત્યજી મુંબઇ આવવાનો બનાવ એ ઇરાન ત્યજી હિંદમાં આવવાના બનાવ જેટલોજ મહત્વનો ગણાય છે. હિંદના સર્વદેશીય જીવનમાં સર્વતોમુખી પ્રજાની સાથે સાથે તેઓ માર્ગદર્શક અને અનેકવિધ કાર્યોમાં પહેલ કરનારનો યશ પણ તેઓના ફાળે જાય છે. તેમનામાં રહેલાં ગુણોને કારણે તેઓ સારું ધનોપાર્જન કરી શકયા છે અને સાથે સાથે તે ધનનો સદ્ઉપયોગ પણ તેઓએ કર્યો છે. હિંદની પ્રજાને સખાવતનો માર્ગ ચીંધનાર પારસીઓ છે એમ કહેવાય છે તેનું કારણ નાત-જાત-ધર્મ-રંગ કશાના ભેદભાવ વગર, કંઇક મેળવવાની આશા વિના સખાવત કરી તેઓએ તેમની કોમને કીર્તિ પ્રદાન કરી છે. સર જમશેદજી જીજીભાઇ, સર દિનશા પિટિટ, નવરોજી વાડિયા, સર કાવસજી જહાંગીર, મંચેરજી કામા, જમશેદજી ટાટા જેવા દાતારો આ કોમમાંજ જન્મ્યા હતાં. આ કારણેજ તેઓને Parsi thy name is Charity નું બિરુદ મળ્યું છે.

રાજકિય વિષયમાં પારસીઓની તટસ્થતા જાણીતી છે. હિંદના રાજકારણમાં દાદાભાઇ નવરોજી, સર દિનશા વાચ્છા, શાપુરજી સકલાટવાળા, નવરોજી ફરદુનજી, સર ફિરોજશાહ મહેતા, સર ફિરોજ શેઠના જેવી વ્યક્તિઓએ અગત્યનો ફાળો આપેલો છે. હિંદને બ્રિટિશ અમલ અમુક ક્ષેત્રોમા અત્યંત લાભદાયી છે તેવું સત્ય તેઓ સમજી શકયા હતાં અને તેના કારણેજ તેઓ સાચા માર્ગદર્શક કહેવાય છે. ભલે કોઇ તેમને નિમકહરામ કહે પરંતુ કોઇપણ તટસ્થ વિદ્વાન તે સંપૂર્ણપણે સ્વીકારશે નહીં. તેઓએ મુંબઇને રાજયકારણનુ મુખ્ય કેન્દ્ર બનાવ્યું. રાજકારણમાં તેઓ નિસ્પૃહી છે. તેમણે કદી મુસ્લીમોની માફક કદી એક વિશિષ્ટ કોમ તરીકે કોઇ ખાસ હક્ક માંગ્યા નથી. પારસીઓએ શાંત, સંગીન, રચનાત્મક, વ્યવસ્થિત પ્રગતિને અનુસરનારા છે. આ પધ્ધતિ અનુસાર તેમણે

હિન્દના રાજકીય પ્રવાહને વ્યવસ્થિત સ્વરુપ આપવાનો પ્રયાસ કર્યો છે.

વ્યાપારિક દૃષ્ટિએ તેમનું પ્રદાન જોતાં તેમણે દેશ-પરદેશ ખુદી વળી બીજી કોમો માટે માર્ગ મોકળો કર્યો. સમુદ્ર પ્રયાણ કરવું એ ધાર્મિક દૃષ્ટિએ બાધિત હોવાથી તેની શરુઆત આ દૂરંદેશી પ્રજાએજ કરી. આ કોમમાં અનેક શાહ સોદાગરો અને અનેક પ્રતિષ્ઠિત વેપારીઓ થઇ ગયાં. આ કોમમાં પિટિટ કુટુંબ, મહેરજી અને પટેલ કુટુંબ ત્થા ટાટા કુટુંબે અગત્યનો ભાગ ભજવી હિંદના વેપારને દેશ-પરદેશમાં પ્રખ્યાત કર્યું છે. આ કોમે વેપારના અનેક ક્ષેત્રોમાં સફળતા હાસલ કરી હિંદના આર્થિક વિકાસને પોષણ આપ્યુ છે.

કોઇપણ પ્રજાના ઇતિહાસનો પાયો તેના સંસ્કૃતિ અને કેળવણીમા સમાયેલો છે. નૂતન કેળવણીના સંસ્કારો ઝીલી આ કોમે અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ મેળવી કેળવણીક્ષેત્રે અનેકાનેક પ્રયોગો કર્યા. કેળવણીની સાથે સાથે તેઓએ સ્ત્રી કેળવણી વિષયક કાર્યને ઉત્તેજન આપ્યું. પોતાની કેળવણીની સાથે સાથે સ્ત્રી કેળવણીને પણ યોગ્ય તાલીમ આપી છે. સ્ત્રી કેળવણી દ્વારા સદીઓથી કેળવાયેલા વહેમો અને અંધશ્રધ્ધાઓ દૂર થયાં, અને સ્ત્રીજીવનમાંના સંકુચિતતા તથા એકલવાયાપણું દૂર થયાં. સ્ત્રી કેળવણીના પ્રથમ હિમાયતી પારસીઓજ હતા અને તેને પોતાની કોમમાંજ તેમણે અમલમા મૂકી નારી-પ્રતિષ્ઠાનું પુર્નનિર્માણ કરી સ્ત્રી જીવનને ઉન્નત બનાવ્યુ. પારસીઓ અજબના સ્ત્રી-પૂજક છે. નારી પ્રતિષ્ઠાની ભાવના તેમના લોહીમાં જન્મથી ભળેલી છે. પ્રાચીન હિંદમાં સ્ત્રી સન્માનની ભાવના પુર જોશમાં હતી. સ્ત્રીઓને પુરુષો જેટલાજ હક્કો હતાં. પરંતુ પરદેશી આક્રમણો દરમ્યાન સ્ત્રી-જીવન ગૂંગળાઇ ગયુ જે બ્રિટિશ આગમન બાદ સ્ત્રી ઉધ્ધારક તરીકે પારસી કોમે પહેલ કરી, અને પાછળથી હિંદુ કોમે પાછળથી તેના અનુગામી બની.

આ ઉપરાંત આ પ્રજાનો વિશિષ્ટ ગુણ તે તેમની અનુકરણપ્રિયતા છે. આ ગુણને કારણેજ અનેક પરિવર્તનો આવ્યા છતાં તેઓ પોતાનુ પારસીપણું જાળવી શકયા છે. હિંદુ-મુસ્લીમ-મરાઠી અને બ્રિટિશ રાજયસત્તાઓ દરમ્યાન તેઓ દરેક સાથે અનુકુળ થઇ પોતાનું ભાવિ આજે ઉજ્જવળ કરી શકયા છે. આની સાથે સાથે પારસીઓએ રમત-ગમતના સર્વ ક્ષેત્રોમાં પણ અદ્ભુત સફળતા મેળવી છે. આ વારસો તેમને તેમના સાહસિક પૂર્વજો તરફથી મળેલો છે. આમ હિંદી પ્રજાના શોખને પ્રોત્સાહિત કરવામાં પારસીઓનો ફાળો નાનોસુનો નથી. પત્રકારિત્વમાં પણ તેમનું પ્રદાન જવલંત છે. મુંબઇમા દેશી છાપખાનાઓ, ટાઇપ

ફાઉન્ડ્રીઓ અને તેની સાથે આદર્શ વર્તમાનપત્રો કાઢવાનો યશ પારસીઓને જાય છે. માસિકો, સાપ્તાહિકો અને દૈનિકો કાઢીને પ્રજાજીવનને જગત્-ઈતિહાસ, સાહિત્ય, કળા અને સંસ્કૃતિનો પરિચય કરાવી સાહિત્યિક અને રાજકીય ક્ષેત્રના વિવિધ પાસાં પર પ્રકાશ નાખ્યો. જે જે ક્ષેત્રોમાં તેમણે ઝંપલાવ્યું તે તે ક્ષેત્રોમાં તેમણે અપૂર્વ સિધ્ધિ પ્રાપ્ત કરી. આ સિધ્ધિની પાછળ તેમની વ્યવહાર કુશળતા, એક વચનીપણું અને દીર્ઘદૃષ્ટિવાળા યોજનાઓનું મહત્વ ઘણું બધું છે. આવા અનેક ઉત્તમ ગુણોને કારણે આ કોમ સ્વબળે આગળ આવી. આ કોમમાંજ સર જમશેદજી જીજીભાઇ પહેલા બેરોનેટ થઇ ગયા. જેણે સખાવતના ક્ષેત્રમાં અમર કીર્તિ પ્રાપ્ત કરી. હિંદના સુખદુ:ખના ભાગીદાર દાદાભાઇ નવરોજી પણ આજ કોમમાં થઇ ગયા. જેમણે સ્વતંત્રતા સ્વમાન અને સ્વરાજયનાં દિવ્યમંત્રો ફુંકયા. હિંદના સર્વદેશીય ઉધ્ધાર માટે સંપૂર્ણ ન્યોછાવર કરનાર પ્રખર ધારાશાસ્ત્રી-કેળવણીકાર-રાષ્ટ્રનેતા ડૉ.સર ફિરોજશાહ મહેતા સમું રત્ન પણ આજ કોમમા પાકયું હતું. હિંદનો આર્થિક અને ઔધોગિક ક્ષેત્રે વિકાસ સાધનાર અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામનાર સર જમશેદજી ટાટા પણ આજ કોમમાં થઇ ગયા. ધર્મપ્રિય અને વ્યવહારકુશળ શેઠ કાવસજી દીનશા અને આર્થિક અને રાજકીય પ્રશ્નોના પ્રખર અભ્યાસી સર દિનશા વાચ્છા પણ આજ કોમે આપણને ભેટ ધરેલ છે.

સાહિત્ય ક્ષેત્રે દૃષ્ટિપાત કરતાં કવિઓમાં બેરામજી મલબારી, અરદેશર. ખબરદાર, જહાંગીર, બેજન દેસાઇ, મીનુ દેસાઇ જેવા અનેક કવિઓ કાવ્ય પ્રકારને ખેડવાના સફળ પ્રયાસો કરેલા છે. શ્રી બેરામજી મલબારી સાહિત્યની સાથે સાથે પાશ્ચાત્ય તેમજ પૌવાર્ત્ય સંસ્કૃતિના વિદ્વાન હતાં. વળી સોરાબજી બંગાલી જેવા સમાજ સુધારક, કેળવણીકાર અને પત્રકાર, કેખશરુ કાબ્રાજી, રતનજી શેઠના, માણેકજી ખુરશેદજી, કોસાભાઇ કરાકા અને જહાંગીર મર્ઝબાન, અદી મર્ઝબાન, ડૉ. રતન માર્શલ, પ્રો. ફિરોઝ દાવર, જેવા લેખકો વિદ્વાનો આજ કોમમાં પેદા થયા છે. પારસી ધર્મ તરફ દૃષ્ટિપાત કરતાં સુવિચાર, સુવાણી, સદ્વર્તન અને નિષ્કલંકિત ચારિત્રયની હિમાયત કરે છે. કર્તવ્યપરાયણ અને પ્રગતિશીલ જીવન જીવવામા તેઓ આગ્રહી છે. તેમના ધર્મમાં આંતરશુધ્ધિ પર જે ભાર મુકવામા આવ્યાં છે તે જોતાં તેમના મનની પવિત્રતા જાણી શકાય છે. અન્ય ધર્મોમા પ્રેમ કે અહિંસાને જે પ્રાધાન્ય મળ્યું છે તે જરથોસ્તી ધર્મમા સત્ય, સદાચાર અને પ્રામાણિકતાને મળ્યું છે. આમ આ ધર્મમાં સત્ય, સદાચાર, અને પ્રામાણિકતાની ત્રિવેણીને કારણે તેનું વ્યકિતત્વ અનેરું બની રહે છે. વળી વ્યકિતગત કલ્યાણ કરતાં સામૂહિક ઉત્કર્ષની ભાવના

વધુ પ્રવર્તતી દેખાય છે. પારસીઓ અગ્નિના પૂજક કહેવામાં આવે છે પરંતુ અગ્નિને તે દેવ માનતા નથી પણ દેવનું પ્રતિક માને છે. ઈશ્વરના પ્રવર્તતા વિવિધ રુપોમાંનું અગ્નિ પણ એક રુપ છે જેના પ્રત્યેની અતૂટ આસ્થાને કારણે અનેકવિધ સંકટોમાંથી પાર ઉતરીને તેઓ આજે પ્રગતિમાન થઇ રહયાં છે.

કેટલાક એવો આક્ષેપ કરે છે કે ઇરાનથી ભારતમા નાસી આવવુ તે તેમની ભીરુતાં સૂચવે છે. પરંતુ ધર્મભ્રષ્ટ થઇ, બેઇજ્જત બની ઇરાનમાં વસવું એ કોઇપણ સ્વમાની પ્રજા સ્વીકારી શકે ખરી ? આમ પારસીઓનું ભારતમા આગમન તે ભીરુતા નહી પણ તેમનાં દીર્ઘદૃષ્ટિપણાનું પ્રતીક છે. આમ ધર્મની રક્ષા કાજે જે પારસીઓએ પોતાની માતૃભૂમિ ત્યજી દીધી, તેમની ધર્મનિષ્ઠા વિષે કંઇક પણ કહેવું તે સૂર્યને દીપક બતાવવા સરખું છે. તેમની ધાર્મિક લાગણી અતિ તીવ્ર છે. અલબત્ત તેણે અન્ય વિદેશી પ્રજાની માફક ભારતમાં કોઇપણ પ્રકારે લોકોને ધર્મભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો નથી. તેમના ધર્મની સાથે સાથે અન્ય ધર્મને તેમણે કયારેય લઘુતા ગ્રન્થીથી જોયો નથી. પારસીઓના અન્ય ગુણોમાં નિમકહલાલી નિખાલસતા અને સાહસિકતા પ્રધાનરૂપે જોવા મળે છે. પારસી સાધારણ રીતે કોઇને દ્રોહ કરે તે માની શકાય તેમ નથી. વળી તેમણે અનેક રુઢિગત પ્રણાલિકાઓ તોડી અનેક સારા કાર્યોનો પણ પ્રારંભ કર્યો જેના મીઠા ફળોનો ફાલ આજે ઉતરી રહયો છે જેનાથી ગુજરાત વંચિત નથી.

## પ્રકરણ - ૨

## સંદર્ભગ્રંથ - સૂચિ


| | | | |
|---|---|---|---|
| ૧. | પારસી સાહિત્યનો ઇતિહાસ | મીસ મકાની પીલાં | પૃ.૧. |
| ૨. | બોમ્બે મેઇલ - દૈનિક | તા.૨-૨-૧૯૩૬ શ્રી એન.એમ.મામા | |
| 3. | Persia-Anciant and Modern- | John Pigget. | P.129. |
| ૪. | પારસી સાહિત્યનો ઇતિહાસ | મીસ મકાની પીલાં | પૃ.૮. |
| ૫. | કોસ્સે સંજાણ-એક અવલોકન: | કર્નલ એમ.એસ.ઇરાની | પૃ.૫. |
| ૬. | ઈરાનનો ચેરાગ | પ્રો.ફિરોઝ દાવર | પૃ.૧૪૩. |
| ૭. | સાહિત્ય માસિક જૂલાઇ ૧૯૧૬ | પાલનજી બરજોરજી દેસાઇ | પૃ.૨૩ |
| ૮. | Studies in Parsi History | H.Hodiwala | P.74. |
| ૯. | બુધ્ધિપ્રકાશ માસિક જુલાઇ-સપ્ટેમ્બર સને ૧૯૩૬ | ડો.એરચ તારાપોરવાળા | પૃ.૨૧. |
| ૧૦. | ઇરાનનો ચેરાગ | પ્રો.ફિરોઝ દાવર | પૃ.૩૬૧. |
| ૧૧. | પારસી વિષયો | શ્રી શાપુરજી દેસાઇ | પૃ.૩૨ |


* * * * * * *
* * * * * *
o o o o o
o o o o
* * *
* *
o